





અમીચંદો ના આમંત્રણે આતંકી પૂર આવે છે
કરે છે વિશ્વાસઘાત ને પાપનાં પૂર આવે છે,
પૂર આવે છે જેલમમાં અસહ્ય જુલ્મ જોઇને -
રાષ્ટ્રની બેવફાઇમાં આફતનાં પૂર આવે છે




કારોબારીમાં
થયો ગુણાનુવાદ -
દસ માસનો..

વરમાતાઓ -
સિયાય, કરે કોણ?!
વર પ્રશંસા...

(ભાજપ રાષ્ટ્રીય કારોબારી)

## ચિંતન

**સંસાર તવ નિઃસાર પદવી ન દેવીયસ્ત ।**
**અંતરા દુરસ્તા ન સ્યુર્યદિ રે મદિર ક્ષણા : ॥**

હે સંસાર જો કે તું વાસ્તવમાં અસાર જ છે અને એથી તારો અંતરો ઓળંગી જતા તારો માર્ગ પૂરો કરવો અને સરળ બની જાય, પણ એ તો અશક્ય જ છે, પરંતુ એ ત્યારે જ શક્ય બને કે જયારે તારામાં - સંસારમાં મદભરી - આકર્ષક લોચનવાળી એક પણ સ્ત્રી હોય જ નહીં. અર્થાત આ સંસાર ‘સ્ત્રી’ ને કારણે જ તરતો વિકટ અને અસાર બને છે.

એક કહેવત છે. ‘જર-જમીન અને જોરુ - એ ત્રણે કજીયાના છોરુ’ આ શ્લોકમાં પણ જો સંસારમાં શાંતિની પ્રાપ્તિ કરવી હોય તો આ સંસાર ‘સ્ત્રી’ વિનાનો હોવો જોઇએ એમ ભલે અતિશયોક્તિમાં કહ્યું હોય પણ સત્ય છે.

આજ સંયુક્ત પરિવારો, કૌટુંબિક અશાંતિ, ભાઇઓ-માતા-પિતા, સાસુ-નણંદ બધા જ વ્યવહારમાં કારણરુપ - ચાવીરુપ હોય તો કોઇ એક સ્ત્રીની વાણી-સ્વભાવ-મહેચ્છા-મમત જ હોય છે. સ્ત્રી બધી વાત, હઠ, છોડી નથી શકતી અને સંસારના સાફલ્યનો આધાર ત્યાગ-સમર્પણ-છોડવું અને મૌન પર આધારિત છે.

## સુવિચાર

- મુસીબત પડી એ તો સારું થયું.. કહેવાતા સ્વજનોને તો સરકી જવાનો મોકો મળ્યો - **હેમેન શાહ**
- તમે એક માણસ તરીકે માણસાઇનો, પ્રભુ એ તમારામાં મૂકેલો વિશ્વાસનું કેટલું પાલન કરો છો તેના પર જ તમારી માણસ તરીકેની ઓળખ નક્કી થાય છે - **સરદાર પટેલ**
- મનુષ્યથી થઇ શકે તેવાં કામ પ્રભુને સોંપવા નહીં - **અરબી કહેવત**
- અધ્યાત્મમાં કંઇ મેળવવાનું નથી, અધ્યાત્મ એ તો પ્રતીતિનો વિષય છે, પ્રાપ્તિ તો નહીં - **મોરારિ બાપુ**
- ‘કંટાળો’ એ ક્ષીણ થઇ રહેલો એકદમ નીચી સપાટીએ ચાલ્યા ગયેલા જીવન રસ અંગેની લાલબત્તી છે - **એસ. ભટ્ટાચાર્ય**
- દંભી નમ્રતા કરતાં પાદરર્શક અભિમાન સારું - **બર્નાડ શો**
- તૃપ્તિમાં મજા હશે, પણ મહત્તા તો ત્યાગમાં જ છે - **ધર્મસૂત્ર**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

‘આજકાલ લોકો, અધિકારીઓ, પ્રધાનશ્રીઓ અને ખાસ કરીને યુવાનોને સૂતે-બેઠે પરિશ્રમ વિના ‘ખાવા’ની ટેવ પડી છે, મફત-કૌભાંડ દ્વારા કમાઇ લેવાની વૃત્તિ ખોટી છે, ગાંધીજી અને વિનોબાજી પણ કહેતા - મહેનત- શારીરિક શ્રમ ન કરનારને ભોજન - અન્ન ખાવાનો અધિકાર નથી.’

ગુરુ હાયાકૂજો ચીનના ચિંતક અને સંત-ગુરુ-મહાત્મા હતા એના આશ્રમમાં અનેક શિષ્યો હતા - અભ્યાસ કરતા.

ગુરુ હાયાકૂજોની વદ્ધાવસ્થા હતી છતાં વહેલી સવારે રસોડાની કામગીરી અને પછી બાગકામ કરતા. થાકી જવાય એટલો શ્રમ કરતા હતા. શિષ્યો એ એમને હવે શ્રમ ન કરવા સમજાવ્યા પણ ગુરુજી સ્મિત કરી વાત ટાળતા હતા.

.. એક દિવસે શિષ્યોએ બાગકામનાં ગુરુજીના સાધન જ છૂપાવી દીધા. ગુરુજીએ ખૂબ શોધ્યાં પણ મળ્યાં નહીં. ગુરુજીએ તે દિવસે ભોજન ન લીધું.

બે-ત્રણ દિવસ આમ જ પસાર થઇ ગયા. હવે શિષ્યોને જાણ થઇ કે ગુરુજી ભોજન લેતા નથી. શિષ્યો મુંઝાયા અને બીજી સવારે ગુરુજીની પથારી પાસે જ ખેતીકામના સાધન પડ્યાં હતા. ગુરુજી એ તે દિવસે શ્રમ કર્યો અને બપોરનું ભોજન પણ લીધું..

ગુરુજીએ માત્ર આચરણથી જ બોધ આપ્યો. ‘મહેનત ન કરનારને ખાવાનો અધિકાર નથી.’

Email - sureshchandrabhatt18@gmail.com

# ગુજરાત કન્ટ્રોલ ટેરરીઝમ એન્ડ ઓર્ગેનાઈઝડ ક્રાઈમ બીલ (ગુજકોટોક)

ગુજરાત સરકારે તાજેતરમાં ગુજકોકના બદલે કાયદામાં સુધારો વધારો કરી નવું ગુજકોટોક બીલ લાવેલ છે. પહેલા ગુજકોક રાજયપાલ અને રાષ્ટ્રપતિએ અનેક વખત સદર બીલમાં સુધારા માટે ગુજરાત સરકારને પરત કરેલ ૩૧/૩/૨૦૧૫ ના રોજ વિરોધ પક્ષની ગેરહાજરીમાં સરકારે આ બીલ બહુમતિથી પાસ કરેલ છે હવે નવો ગુજકોટોક ગુજરાતમાં અમલમાં મુકાશે.

ગુજરાત આંતકવાદી કૃત્ય અને સંગઠિત ગુન્હા નિયંત્રણ વિધેયક ૨૦૧૫ ની જોગવાઈ પ્રમાણે આ કાયદા મુજબ ધરપકડ કરનારને ૧૮૦ દિવસ સુધી જામીન પણ નહી મળે ૯૦ દિવસની ચાર્જશીટ બાદ પબ્લીક પ્રોસીક્યુટરની મંજુરી પછી મુદ્દત ૧૮૦ દિવસની રાખી શકાશે.

બીલ મુજબ પોલીસ સમક્ષ ઈન કેમેરા વિડીયો, ઓડિયો ટેપ અવાજ જેવા માધ્યમથી કરેલ આરોપીની કબુલાત ગુન્હાની કબુલાત ગણાશે અને તેને પુરાવામાં ગ્રાહ્ય રાખવામાં આવશે.

**વાત કાનૂન કાયદાની...**
- અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ
atopcl@gmail.com



આ મુજબની જોગવાઈની પોલીસે બળ દ્વારા યેનકેન પ્રકારે લીધેલ નિવેદન પણ માન્ય ગણાતા પોલીસ જ ન્યાયાધિશની ભૂમીકા ભજવશે. આ કાયદા મુજબ ગેરકાયદેસર પ્રવૃત્તિ ચાલુ રાખવી આર્થિક ગુન્હા, મિલ્કતોના ગુન્હા, સંગઠિત ગુન્હા, સીન્ડીકેટ ગુન્હા તથા આંતકવાદી કૃત્યોના ગુન્હાઓ રોકવા માટેની જોગવાઈ આ કાયદામાં છે.

આ કાયદા મુજબ કોઈપણ શંકાસ્પદ વ્યકિતના તાર, ટેલિફોન, સંદેશાઓને આંતરી શકાશે, ટેપ કરી શકાશે અને તેનો પુરાવામાં ઉપયોગ કરી શકાશે. પોટા અને ટાડા જેવા આ કાયદાની જોગવાઈ છે. પોટા અને ટાડા મુજબ અત્યાર સુધીમાં ચાલીસ હજાર જેટલી ધરપકડ થઈ છે. જેમાં માત્ર ૨ ટકા લોકોને જ કોર્ટે સજા ફરમાવી છે. પોટા અને ટાડાનો દુર ઉપયોગ સૌથી વધારે ગુજરાતમાં કરવામાં આવ્યો છે. લોક આંદોલનના કારણે આ બન્ને કાયદાઓ રદ કરવામાં આવતા નવો કાયદો ગુજકટોક અમલમાં લાવેલ છે. આ ગુન્હા બદલ મૃત્યુ દંડ અને ૧૦ વર્ષની કેદની સજાની જોગવાઈ કરવામાં આવેલ છે. દંડની રકમ એક લાખ સુધી પણ ન્યાયાધિશ ફરમાવી શકે છે અને આરોપીની મિલ્કતો પણ સરકાર ટાંચમાં લઈ શકે છે.

હાલમાં ગુજરાતમાં કોઈ જ ત્રાસવાદ કે ઓર્ગેનાઈઝ ક્રાઈમ ગેંગ સક્રિય નથી. આ કાયદા મુજબ ટ્રાયલ ચલાવ્યા સીવાય આરોપીને ૧૮૦ દિવસ સરકાર જેલમા રાખી શકશે જેમાં પોતાને નિર્દોષ પુરવાર કરવાની જવાબદારી આરોપીની રહેશે જેથી શંકાના આધારે પણ નિર્દોષ લોકોને પોલીસ દ્વારા જેલમાં પુરવાની ધમકી આપી ધાર્યું કરાવી શકાશે. આરોપીની ગુન્હાની કબુલાત પોલીસ અધિકારી રૂબરૂ જ કરવાની રહેશે. કોર્ટ કબુલાતની જોગવાઈ રદ કરેલ છે. નિષ્ણાંતોના મત અનુસાર બેઝીક લોનું વાયોલન્સ એટલે ગુજકોટોક.

ગુજરાત સરકારે ગુજકોક અને મરાષ્ટ્ર સરકારે મકોકા નામનો નવો કાયદો બનાવેલ જે લગત મહારાષ્ટ્ર સરકારે કેટલીક કલમો પાછળથી રદ કરેલ ગુજરાતમાં ગુજકોક ૨૦૦૪ થી રાજયપાલ, રાષ્ટ્રપતિએ સુધારા માટે બીલ પરત કરેલ છે. હાલમાં કેન્દ્ર અને ગુજરાતમાં ભાજપા સરકાર હોય ૩૧/૩/૨૦૧૫ ના રોજ બીલ પાસ થયેલ છે.

સરકાર દ્વારા બચાવ કરવામાં આવ્યો છે કે ધાર્મિક આંતકવાદને નાબુદ કરવા માટે ગુજકોટોક લાવવામાં આવ્યો છે. આ કાયદાની જોગવાઈઓ આઈ.પી.સી. ની જોગવાઈથી વિસંગત છે. આરોપી સામે આઈ.પી.સી., સી.આર.પી.સી.થી કામ ચલાવવું જોઈએ તેવી પ્રથમ માંગ છે. ગુજરાતમાં ૧૪ પોટાના કેસમાંથી ૧૧ ને હેદાંત દંડની સજા ફરમાવેલ છે. સામાજીક સંસ્થાઓ, માનવ અધિકાર પંચ તથા વિરોધ પક્ષે ગુજકોટોકને કાળા કાયદા તરીક બિરદાવ્યો છે તેવા સંજોગોમાં સ્પષ્ટ બહુમતીના જોરે ગુજકોટોકનું બીલ પસાર થઈ ગયેલ છે. કેન્દ્રમાં પણ ભાજપા સરકાર હોય આ બીલ મંજુર થશે જ. આ કાયદો પસાર થવામાં ગુજરાત વિધાનસભામાં એક લાંબો ઈતિહાસ છુપાયેલો છે. ૧૮૦ દિવસ સુધી જામીન ના મળતા આરોપી નિર્દોષ પુરવાર થાય તેમ છતાં જેલ ભોગવે છે. પોલીસ અધિકારી સમક્ષના નિવેદનને માન્યગણતા પોલીસ ધાર્યું કરવા માટે બળ પ્રયોગ કરશે. જયાં તલવાર મારવાની હોય ત્યાં ટાંકણીથી ના ચાલે તેવી તાર્કિક દલીલો સાશક પક્ષે રજુ કરેલ છે. વિરોધ પક્ષે તેને ડ્રેકોનિયન લો ગણાવ્યો છે. કાયદાનો વિવેક પૂર્વક ઉપયોગ કરવો જોઈએ તેનો હથીયાર તરીકે ઉપયોગ ના કરાય તેનો ઢાલ તરીકે ઉપયોગ કરવો જોઈએ, નહિતર વ્યકિતના બંધારણના હક્કો માર્યા જાય.

## જમનાએ પોતાની નણંદના નહિ આવવા બદલ એટલી બધી માથાકૂટ કરી કે ભૂપતે એક બીજો વિચાર કર્યો, શું મારી બેન એની વ્યવસ્તતાને લીધે મારા ઘેર ન આવી શકે તો હું તો એને ઘેર જઇ જ શકું છું ને? મને કોણ રોકે છે? બેન ભાઇને મળવા જાય કે ભાઇ બેનને મળવા જાય બંનેમાં પરિણામ તો સરખું છે

### નારી ગુણવંતી માફી

- અનંત પટેલ

‘‘તમારી બહેન એવા તે કેવા રાજાની રાણી છે કે ભઈની ખબર જોવાય નહીં આવતા?’’

‘‘એમને તો નવાઈની હાહરી છે કાંઈ? અમે બધાય હાહરે જ આયાં છીએ ન? અમે કાંઇ પિયરમાં કોઇ માંદુ-હાજુ થાય તો ખબર કાઢવા નથી જતાં?’’

‘‘આ તમારી બહેનને ભઈ માટે કાંઇ ભાવ જ નથી નહિતર બાર-બાર મહિના થઈ ગ્યાં છતાં હજી ભઈને મળવાં આવવાનો ટાઇમ ઈમને નથી મળતો!!’’

ભૂપતને તેનાથી બે એક વર્ષ મોટી એક રમીલા નામની બહેન હતી. આમ તો એ છ-આઠ મહિને પિયરમાં આવતી ને ભાઇ - ભાભીને મળી જતી, પણ છેલ્લાં એકાદ વર્ષથી ભૂપતના બનેવીને ધંધામાં સારી બરકત આવવાના કારણે તેને પણ ધંધામાં મદદ કરવી પડતી હોવાથી રમીલાથી નીકળી શકાયું ન હતું, પણ ભૂપતની વહુ જમનાને તો લડવા માટેનો આ એક મુદ્દો મળી ગયો હતો, કેટલીક સ્ત્રીઓને કદાચ શાંતિવાળુ જીવન ગમતું જ નથી હોતું. પતિ જો શાંતિથી બે દિવસ ઘરમાં રહેવાનો હોય તો એ ખણ-ખોતર કરી - કરીને કંઇ ના કંઇ મુદ્દા ઉપસ્થિત કર્યા જ કરતી હોય છે. ભૂપત જમનાને ઘણું સમજાવતો પણ એ એની કોઇ વાત માનવા તૈયાર ન થાય! જો કે આજના મોબાઇલ યુગમાં પરસ્પર સંપર્ક એટલો બધો નિકટનો થઇ ગયો છે કે કદાચ કોઇને ઘેર જવાનું ટાળવામાં આવે કે મોડું કરવામાં આવે તો કંઇ જ વાંધો ન આવે.

જમનાએ પોતાની નણંદના નહિ આવવા બદલ એટલી બધી માથાકૂટ કરી કે ભૂપતે એક બીજો વિચાર કર્યો. શું મારી બેન એની વ્યવસ્તતાને લીધે મારા ઘેર ન આવી શકે તો હું તો એને ઘેર જઈ જ શકું છું ને? મને કોણ રોકે છે? બેન ભાઈને મળવા જાય કે ભાઈ બેનને મળવા જાય બંનેમાં પરિણામ તો સરખું છે. ભાઈ-બહેન અને નણંદ-ભોજાઈ પાસે બેસીને વાતો તો કરી શકવાનાં છે... રવિવારે ભૂપત રીક્ષા ભાડે લઈ આવ્યો, અને જમનાને બેસાડી બેઉં જણાં બહેનના સાસરે આવી પહોંચ્યા... ભૂપતે બહેનને ફોન કરીને કહ્યું હતું એટલે સરસ મજાનું જમવાનું પણ બનાવી રાખ્યું હતું.... જમાનાને ભૂપતનું આ પગલું ગમ્યું તો ન હતું, પણ પછી એણે બહુ વાંધો લીધો ન હતો, પણ મનમાં તો નક્કી કર્યું કે આટલી વાર નણંદને ઘેર જઈ આવીને પછી તો જયાં સુધી એ લોકો ન આવે ત્યાં સુધી જવું જ નહીં...!

નણંદની આગળ પોતાનો અણગમો વ્યક્ત ન થાય તે રીતે જમનાએ બધી વાતો કરી, ને સાંજે રીક્ષામાં પાછાં નીકળતાં હતા ત્યારે ભૂપતના બનેવીએ કહ્યું, ‘‘તમે બેય જણ આવ્યાં તે, બહુ સારું કર્યું, તમારા બહેન કેટલાય દિવસથી પિયરમાં આવવા માટે કહ્યા કરતાં હતા પણ કામને લીધે કાંઈ મેળ ખાતો ન હતો, પણ આજે તમે આવ્યાં છો તો તમારાં બહેનને તમારી સાથે જ લેતાં જાવ, બરાબર એક અઠવાડિયું રોકજો ને અઠવાડિયા પછી હું જ આવીને એમને તેડી જઈશ!!’’

ભૂપત તો આ સાંભળી આનંદિત થઈ ગયો. જમના પણ અવાક થઈને સાંભળી જ રહી. રમીલા એક અઠવાડિયું ભાઈનાં ઘરે આનંદથી રહી ગઈ, જમનાને થયું હું આમને નકામું લડ્યા કરતી હતી, એણે મનોમન ઈશ્વર પાસે પોતાની ભૂલની માફી માગી લીધી.

# પત્રકારત્વમાં એવા કેટલાક સાહસિક પત્રકારો જોઇએ કે જે સમાજના આર્થિક, સામાજિક અને રાજકીય પ્રવાહો સમજે

## ગુજરાતી પત્રકારિત્વનું એક સંશોધન : નવમી કોલમ

- રમણ વાઘેલા

અખબારના આઠ કોલમમાં સમાજના તમામ વર્ગ વ્યવસાયિકોની વાત આવતી હોય છે. પણ તેમાં કામ કરતા પત્રકારની કયારેય વાત આવતી નથી. પરિણામે પત્રકારિત્વ વ્યવસાયમાં જોડાયેલા પત્રકારોની વાત કરી શકાય એ હેસુસર લેખક રાજેન્દ્ર જાનીએ આ સંશોધન પુસ્તકનું શીર્ષક ‘નવમી કોલમ’ રાખ્યું છે, એ યથાર્થ અને યોગ્ય જ છે!

વ્યવસાયે સમાજશાસ્ત્રના અધ્યાપક ડો. રાજેન્દ્ર જાનીના આ પુસ્તકમાં પત્રકારત્વના શિક્ષણ, અનુભવ અને શ્રમપૂર્વકના સંશોધનનો ત્રિવેણી સંગમ છે, જેમાં પત્રકારત્વને સમાજ વિજ્ઞાનની દૃષ્ટિએ તપાસવાનો ઉપક્રમ રહ્યો છે, એવું પ્રસ્તાવના કરનાર ગૌરાંગ જાની તારતમ્ય છે.

વ્યવસાયે સમાજશાસ્ત્રના અધ્યાપક રાજેન્દ્ર જાનીના આ પુસ્તકની પ્રસ્તાવનાના તારતમ્યમાં સમાજશાસ્ત્રના પ્રો. ગૌરાંગ જાની જણાવે છે : “પત્રકારત્વના શિક્ષણ, અનુભવ અને શ્રમપૂર્વકના સંશોધનનો ત્રિવેદી સંગમ છે, જેમાં ગુજરાતના શહેરી પત્રકારત્વને સમાજ વિજ્ઞાનની દૃષ્ટિએ તપાસાનો ઉપક્રમ રહ્યો છે.”

આ સંશોધનાત્મક પુસ્તકના પ્રકરણ-૬માં ‘પત્રકારત્વ’ : ‘પત્રકારોની નજરે’ શીર્ષક હેઠળના લેખમાં ગુજરાતી પત્રકારિત્વમાં આગલી હરોળના પત્રકારોએ પત્રકારત્વને જ દૃષ્ટિએ - સમજની નિહાળ્યું છે, તેમાં અજય ઉમટ, ભૂપતભાઇ વડોદરિયા, મહેશભાઇ ઠાકર, પ્રકાશભાઇ ન. શાહ, યશવંતભાઇ મહેતા, મુકુંદભાઇ પંડ્યા, વિષ્ણુભાઇ પંડ્યા અને બેલાબેન ઠાકરનો સમાવેશ થાય છે. સંક્ષિપ્તમાં આ સૌ પત્રકારોનું અવલોકન નોંધનીય છે, જેમાંથી પસાર થવાનું પત્રકારત્વના અભ્યાસીઓ અને સહુ કોઇ વાચકોને ગમશે.

**અજય ઉમટ**

અમદાવાદના અખબારોમાં પહેલાં જે રીતે વૃત્તાંત નિવેદન થતું હતું, તેમાં આજે હવે બદલાવ આવ્યો છે. જેમ કે સમાજજીવન ઘડતર ઉપરાંત શિક્ષણ, માનવીય સંવેદના પ્રગટ કરતી હ્યુમન ઇન્ટરેસ્ટ સ્ટોરીઝનું પ્રમાણ વધ્યું છે. રાજકીય વૃત્તાંત નિવેદનનું પ્રમાણ માત્ર ૧૫-૨૦% જેટલું થાય છે. હવે અખબારોમાં રમતગમત સહિત અન્ય ક્ષેત્રોમાં પણ વાચકોના રસ મુજબ પરિવર્તન આવ્યું છે. અમદાવાદના અખબારોમાં જાગૃતિ ચોક્કસ આવી છે.

**ભૂપત વડોદરિયા**

ભાષા ઘડવામાં પત્રકારત્વનું યોગદાન વિશેષ કરીને જે દૃષ્ટિએ ભાષાની વાત કરતા હોઇએ તો તે છેવટે જે ભાષા બોલાતી હોય કે લખાતી હોય એનું પ્રતિબિંબ જ વર્તમાનપત્રોમાં પડવાનું છે. એમાં થોડો ફેરફાર થાય પણ એક વાત ચોક્કસ કે આજે અમદાવાદની અંદર છાપું વાંચ્યું હોય તો જે ભાષામાં વર્તમાનપત્ર હોય તે ગ્રામ્ય ભાષામાં ચાલવાનું જ નહિ. ગામડામાં છાપુ જશે તો એ ત્યાંની પ્રજા સમજી શકે એટલું તત્ત્વ તો ઉમેરવું જ પડે.

**મહેશ ઠાકર**

પત્રકારત્વમાં Formal શિક્ષણની જરુર નથી. ડોકટર વકીલ માટે જરુરી છે એવું પત્રકારત્વનું શિક્ષણ જરુરી નથી એટલે તેની પાસે સમાચારની સૂઝ હોય, ગ્રાસ્પિંગ પાવર, એક્સપ્રેશન હોય તો પત્રકારત્વ ઉગી નીકળે છે. પણ વૈવિધ્યકરણના જમાનામાં આજે Formal Education જરુરી છે. પહેલાં એક કમિટમેન્ટ હતું, આજે Formal પ્રવેશ્યુ છે. એ વખતે ગાંધીજી અને નર્મદ હતા. શિક્ષણની જરુર ન હતી. નર્મદે જે કર્યું એ આંતરસૂઝથી કર્યું. આજે ઇન્ફર્મેશન યુગમાં યાદ રાખવું જરુરી નથી. જે લોકો સારી સંસ્થામાં ભણ્યા એ લોકો પત્રકાર તરીકે સફળ થયા છે. પણ પત્રકારત્વનું શિક્ષણ ગુજરાતમાં Theoretical વધારે છે. Class room અને News room વચ્ચે Link હોવી જોઇએ, એ નથી. અખબારો અને શિક્ષણ સંસ્થાઓ વચ્ચે Live Contect નથી.

આજે અખબારો ઘણી વખત પોતાના હિતમાં આંદોલન શરૂ કરાવે છે. ખરાં પણ એ લાંબો સમય ચાલતું નથી, કારણ કે વ્યક્તિને નુકશાન કરી શકાય છે, આખા સમાજને નહીં. છેવટે તો લોકો કયાં વર્તમાનપત્રની કઇ પોલિસી છે તે જાણતા હોય છે કયું અખબાર કોની તરફેણમાં કે કોઇના વિરોધમાં છે એ ખબર પડી જાય છે. એટલે હવે લાંબો સમય પ્રજાને અંધારામાં રાખી શકો નહીં એવી સ્થિતિ પ્રવર્તે છે.

**પ્રકાશભાઇ ન. શાહ**

આંદોલનમાં છાપાં મૂડ બનાવી શકે એ વાત સાચી છે. છાપાંઓ મૂડ બનાવવામાં આપણે મૂડ પ્રગટ કરીએ તો બજાર ચાલુ રહેશે એ રીતે ચાલ્યું. પણ છાપાંઓએ એક વિવેકપૂર્વક કે સૌજન્યપૂર્વક કામગીરી કરી હોય એવું મને લાગતું નથી. કોલમિસ્ટે સમજવાનો કે ચર્ચવાનો પ્રયાસ કર્યો હોય એમ બન્યું હોય એવું બહુ ઓછા પ્રસંગો છે. આ રીતે ઇશ્વર પેટલીકર, યશવંત શુક્લ, વાસુદેવ મહેતા લખતા એ જુદી વાત છે. એ જમાનો દંતકથારુપ બની ગયો પણ પત્રકારત્વે મુળગામી અર્પણ કર્યું હોય એવું લાગતું નથી.

Main stream journalism કોઇકને Hero ને કોઇકને Zero બનાવી દે છે. ઉ.દા. એલ.કે. અડવાણીનું આપી શકાય. અમદાવાદમાં વિચારપત્રો ચાલી રહ્યા છે. Main Stream અને વિચારપત્રો બાબતે અમદાવાદમાં પાયાનો ભેદ છે. વિચારપક્ષો નાનકડાં - નિસ્બત ધરાવતાં સભાન વર્ગમાં જ ચાલે છે પણ વિચાર વધુ તો રોજરોજ દૈનિક છાપાં જ કરવાનાં છે. રિપોર્ટીંગ થતું રહે ઉપરાંત કોલમિસ્ટોમાં એવો વર્ગ ઊભો કરવો જોઇએ કે રિપોર્ટીંગની વાત સમજી વિચારીને લખે તો વિચારો પરિશુદ્ધ થાય. પણ એવું કાંઇ બનતું નથી. અપવાદરુપ કોલમિસ્ટો આવે છે ખરાં પણ એ લાંબા ગાળા સુધી ચાલતા નથી. સામાન્ય રીતે સ્થાયી કામ થવું જોઇએ એ થતું નથી.

**યશવંતભાઇ મહેતા**

ગુજરાતી પત્રકારત્વએ Positive કરતાં Negative પત્રકારત્વ વધુ કર્યું છે. વર્ગ - કોમ વચ્ચે વૈમનસ્યનું કામ કર્યું છે. આ વાત ૧૯૫૬ થી આજ સુધી હું જોતો આવ્યો છુંકે, અખબારોમાં લોકલાગણીને ઉશ્કેરવાનું કામ કર્યું છે. પછી તે મહાગુજરાતની ચળવણ હોય કે અન્ય કોઇ માંગણી હોય એ પ્રજાની સાથે ખિલવાડ કરવાનું કામ કરે છે.

અખબાર સમાજની આરસી છે એમ કહેવાય છે પણ હું તો એમ માનું છું કે અખબાર સમાજના માત્ર મધ્યમ વર્ગનું પ્રતિનિધિત્વ કરે છે. પૈસાદાર કે ઉચ્ચ વર્ગનું પ્રતિનિધિત્વ કરે કે ના કરે એની એ વર્ગને પડી નથી અને સમાજના બહુ મોટા એવા ગરીબ વર્ગની સહેજય દરકાર લેવાતી નથી. મધ્યમવર્ગ વિસ્તરે તેમાં અખબારનું સ્થાપિત હિત છે. અને રાજકીય પક્ષોને પણ પોતાનો લાભ છે. નફાખોર વેપારીઓને પણ એનાથી ફાયદો છે. એટલે મધ્યમવર્ગ વિસ્તરે એ તેમને ગમે એ સ્વાભાવિક છે. આ બધાં સહિયારાં હિતની હિફાજત ગુજરાતના અંગ્રેજી અને ગુજરાતી અખબારો કરી રહ્યાં છે એમ હું સ્પષ્ટ માનું છું.

**મુકુન્દભાઇ પંડ્યા**

ઘણીવખત વર્તમાનપત્રોમાં સમાજના બીજા પ્રશ્નો છે એ જે તે સમયે ગૌણ થઇ જાય છે. ધ્યાન ઓછું અપાય છે, જેમ કે શિક્ષણ, પાણી, વીજળી વગેરેના પ્રશ્નો ગૌણ થઇ જાય છે. ઉદાહરણ જોઇએ તો ધો-૧૨નું પરિણામ આવે ત્યારે વર્તમાનપત્રમાં પરિણામ અને તેની આનુષંગિક બાબતો વધુ જોવા મળે છે. અંગ્રેજી અખબારો એક ચોક્કસ વિષય સાથે ઝુંબેશરુપે કામ કરે છે. જેમ કે ટાઇમ્સ ઓફ ઇન્ડિયાએ ‘બેટી બચાવો ઝુંબેશ’ અને ‘ગિરના સિંહો’ ના મુદ્દે અનેક અહેવાલો પ્રસિદ્ધ કરીને લોકજાગૃતિનું કાર્ય કર્યું. પરંતુ ગુજરાતી અખબારોમાં આ રીતનું નિશ્ચિત પ્રકારનું વર્ક કહી શકાય. એવું પત્રકારત્વ જોવા મળ્યું નથી. કોઇ બાબત રાજયનો પ્રશ્ન છે એને વાચા આપવાનું, એને મિશનરુપે રજૂ કરવાનું ગુજરાત પત્રકારત્વમાં બનતું નથી.

**વિષ્ણુભાઇ પંડ્યા**

ગુજરાતમાં ગાંધીજી કે ઇન્દુલાલ યાજ્ઞિકનું પત્રકારત્વ સફળ રહ્યું હતું, કારણ કે તેઓ કોઇને કોઇ પ્રકારના વિચાર કે કારણને વરેલા હતા. એમના પ્રયાસો પત્રકારત્વ સુધારણાના ન હોતા. એ ખરું કે, આડકતરી રીતે સુધારણા થઇ છે. પત્રકારત્વમાં એવા કેટલાક સાહસિક પત્રકારો જોઇએ કે જે સમાજના આર્થિક, સામાજિક અને રાજકીય પ્રવાહો સમજે. રાજકીય દૃષ્ટિએ કેટલાક અખબારી પ્રયોગો ગુજરાતમાં થયા છે, પણ એ અખબારો ચાલ્યા નથી. નેતાઓ પણ એવા પ્રાપ્ત થયા નથી.

આપણું પત્રકારત્વ મૂળભૂત રીતે વ્યવસાયિક છે. વ્યવસાયિકમાં એક યા બીજા પ્રકારનું જોખમ ઉઠાવવું યોગ્ય નથી. રહેતું. આમ છતાં કોઇ અખબાર આવો પ્રયાસ કરે તો પ્રજા તેની સાથે જાય છે. પરંતુ આવા આંદોલનમાં પડવું અખબાર માટે જોખમ હોય છે.

અમદાવાદના ગુજરાતી વર્તમાનપત્રોની ઉજળી બાજુ રજુ કરવી હોય તો કહી શકાય કે -

૧. ગુજરાતી વર્તમાનપત્રોનું સરક્યુલેશન ઘણું મોટું છે, જે વ્યવસાયિક દૃષ્ટિએ સફળ થવાની ગવાહી પૂરે છે.

૨. સમાચાર સામગ્રીનું પ્રસિદ્ધ વૈવિધ્ય છે.

૩. નવા પત્રકારોને કામ કરવાનો અવકાશ મળ્યો છે.

૪. સ્પર્ધાના કારણે પત્રકારોનું શોષણ ઓછું થયું છે.

**બેલાબેન ઠાકર**

આપણે બંધારણે સ્ત્રી પુરુષને સમાન ગણ્યાં છે. શિક્ષણનો ફેલાવો થયો. સ્ત્રી શિક્ષિત અને ઉચ્ચ શિક્ષિત બની. આથી કોઇ પણ વ્યક્તિને કંઇક બનવાની મહત્ત્વાકાંક્ષા હોય. મહિલાને પત્રકાર બનવાની ઇચ્છા થઇ ત્યારે શિક્ષણે એને તક આપી અને પત્રકારત્વના શિક્ષણે એમાં વધારો કર્યો. કારણ કે સ્ત્રી બતાવી શકતી હતી કે આ વ્યવસાયમાં રસ છે. સામે પક્ષે તંત્રી સ્થાને બેઠેલાઓને પણ જણાવું કે આમાં કંઇ ખોટું નથી. વ્યક્તિ શિક્ષણ લે એટલે એની વિચાર શક્તિ આપોઆપ વિકસે છે અને પોતાની કારકિર્દી ઘડવા માટે એ પ્રયાસ કરે છે.

અમદાવાદમાં ગુજરાતી વર્તમાનપત્રો અને અંગ્રેજી વર્તમાનપત્રોમાં મહિલા પત્રકારોની સંખ્યાનો રેશિયો તપાસવો એ યોગ્ય ન કહેવાય. કારણ કે અંગ્રેજી અખબાર ઓછા છે, તેમનું સરક્યુલેશન ઓછું છે અને ગુજરાતીની સરખામણીએ તેમાં કામ કરતા વ્યવસાયીઓનું પ્રમાણ પણ ઓછું છે. આથી જયાં પુરુષોની સંખ્યા ઓછી હોય ત્યાં મહિલા વ્યવસાયીની સંખ્યા પણ ઓછી હોય એ સ્વાભાવિક છે.

• • •

અમદાવાદનું પત્રકારત્વ દિશા અને દશામાં લેખકે સંશોધનના તારણો રજુ કરતાં જણાવેલ છે કે પત્રકારત્વના વ્યવસાયમાં બ્રાહ્મણ જ્ઞાતિનો પ્રભાવ જોવા મળે છે તો બક્ષીપંચ જ્ઞાતિના વ્યક્તિઓ પત્રકારત્વમાં સારી એવી સંખ્યામાં જોડાયા હોવાનું જણાય છે. જો કે અનુસૂચિત જાતિ અને જનજાતિના વ્યવસાયીઓનું પ્રમાણ આજે પણ નહિવત છે. કેટલાક વ્યવસાયીઓ જ્ઞાતિ અને ધર્મને ઓળખ માટે ગૌણ માને છે જે દર્શાવે છે કે ૨૧મી સદીના ઉચ્ચ શિક્ષિત યુવાનોમાં પરંપરાગત જ્ઞાતિ અને ધર્મનો ખ્યાલ બદલાયો છે.

વ્યવસાયીઓ પૈકીના જે મૂળ અમદાવાદના વતની નથી તેમને મોટાભાગે નદીપારના વિસ્તારમાં જ વસવાટ કરવાનું પસંદ કર્યું છે.

ગુજરાતના અન્ય પ્રાદેશિક વિસ્તારોની સરખામણીએ અમદાવાદનું પત્રકારત્વ તદ્દન નોખી ભાત પાડે છે. જેમાં રાજકીય, સમાજજીવન, ગુનાખોરી, મહિલાઓ, યુવાનો, રમતગમત, ફિલ્મ વગેરેની અખબારી સામગ્રી તદ્દન ભિન્ન ઓળખ ઉભી કરે છે.

અંતમાં લેખકે સંશોધન સંદર્ભના સૂચનો અને અમદાવાદના અખબારોનું સમાજશાસ્ત્રીય વિશ્લેષણ દર્શાવી સમાજ અને પત્રકારત્વ વચ્ચેના સહ-સંબંધની અપેક્ષા દાખવી છે.

એક એકેડેમિશયન અને અભ્યાસી ડો. રાજેન્દ્ર જાનીએ પત્રકારત્વ સાથે નિષ્ઠાપૂર્વકની નિસ્બત ધરાવી પત્રકારિત્વ અને સમાજજીવનના સાંપ્રત પ્રશ્નોને વાચા આપી ‘નવમી કોલમ’ ને નવા સ્વરુપે અજવાળી વાચકો સમક્ષ રજુ કરી છે, જેને આવકારીએ!